## માન.ધારાસભ્યશ્રી ભગવાનજીભાઈ કરગટીયા (માંગરોળ)

**અગ્રતા-૧૯**

**પ્રશ્ન-૧:** માછમારોને છોડાવવાની પ્રક્રિયા શું હોય છે. ?

**જવાબ:**

**માન. અધ્યક્ષશ્રી**

માન. સભ્યશ્રીના પ્રશ્નના જવાબમાં જણાવું તો

પાકિસ્તાન મરીન એજન્સી દ્વારા પકડાયેલ માછીમારોને મુક્ત કરાવવા માટેની પ્રક્રિયામાં

- પાકિસ્તાન મરીન સિક્યુરીટી એજન્સી દ્વારા અપહરણ થયેલ માછીમારોની જીલ્લા કચેરીને સ્થાનિક બોટ એસોસીએશન દ્વારા જાણ થતા સબંધિત બોટમાલિકોનો રૂબરૂ સંપર્ક કરવામાં આવે છે. બોટ માલિકનો રૂબરૂ સંપર્ક કરી તેમની ફિશિંગ બોટ પકડાઈ ગઈ છે તેની જાણ કરવામાં આવે છે.
- બોટ માલિક પાસેથી અપહરણ થયેલી ફિશિંગ બોટમાં કામ કરતા ખલાસીઓની વિગત માંગવામાં આવે છે.
- બોટ માલિક દ્વારા બોટના ખલાસીની વિગત/માહિતી આપવામાં આવે છે.
- બોટ માલિકની વિગતના આધારે પકડાયેલ ખલાસીની ચકાસણી માટે બોટ માલિક સાથે જીલ્લા કચેરીના જાણકાર કર્મચારી સાથે રહી ખલાસીની વિગત ચકાસવામાં આવે છે.

- બોટ માલિક તરફથી પકડાયેલ બોટ તથા ખલાસીની વિગત સાથેનું સ્ટેમ્પ પેપર ઉપર સોગંધનામુ મેળવવામાં આવે છે.
- બોટ માલિક દ્વારા પકડાયેલ ખલાસીની રાષ્ટ્રીયતા ખરાઈની વિગતો જેવી કે, ફોટોગ્રાફ, બાયોમેટ્રિક આઈડી કાર્ડ, રેશનકાર્ડની નકલ, ગ્રામ પંચાયતનો દાખલો, આધાર કાર્ડ, ચૂંટણી કાર્ડ સાથેની વિગતો જીલ્લા કચેરીના કર્મચારી દ્વારા સ્થળ પર જઈ મેળવવામાં આવે છે.
- જીલ્લા કચેરી તરફથી બોટ માલિક તરફથી રજૂ થયેલ વિગતોની ફાઈલ વડી કચેરી મોકલવામાં આવે છે.
- જીલ્લા કચેરી તરફથી મળેલ રાષ્ટ્રીયતા ખરાઈની વિગતો વડી કચેરી કક્ષાએથી ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલયને રજૂ કરવામાં આવે છે.
- રાષ્ટ્રીયતા ખરાઈની વિગતો ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલયને રજૂ કરતાની સાથે જ પાકિસ્તાન ખાતે પકડાયેલ માછીમારોના કુટુંબીજનોને આર્થિક સહાય ચૂકવવાની પ્રક્રિયા શરુ કરી દેવામાં આવે છે.
- માછીમારોને મુક્ત કરાવવાની બાબત ભારત અને પાકિસ્તાન બંને દેશોની રાજદ્વારી બાબત છે જે અન્વયે બંને દેશો દ્વારા ચર્ચા વિચારણા કરી માછીમારોને મુક્ત કરવામાં આવે છે.